# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **સરકારે ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતી નવી "અટલવાડી યોજના"ને મંજૂરી આપી.**
2. **ગુજરાત અને રશિયાના અસ્ટ્રાખાન વચ્ચે વ્યાપાર, શિક્ષણ અને શિપ બિલ્ડીંગ સહિતના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ માટે સહમતી સધાઇ.**
3. **વિધાનસભાની અંદાજ, જાહેર હિસાબ સહિતની ચાર અલગ-અલગ સમિતિઓની જાહેરાત.**
4. **સ્વ વસ્તીગણતરીમાં નાગરિકોને ભાગ લેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી.**
5. **IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJ - ATALVADI

સરકારે ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતી નવી "અટલવાડી યોજના"ને મંજૂરી આપી છે. આ અંગે સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, આ યોજના હેઠળ ગામડાઓમાં સામાજિક અને જાહેર પ્રસંગો એક છત હેઠળ થઈ શકે તે પ્રકારની ૫૦૦ લોકોની ક્ષમતા ધરાવતી "અટલવાડી" બનાવવામાં આવશે.

અટલવાડીમાં આર્ક-શેડ સહિતનો મોટો ઓપન હોલ, રસોડું, મહિલા અને પુરુષો માટે અલગ શૌચાલય અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં બે હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને આ યોજનાનો લાભ મળશે.

આ સાથે જ કુદરતી આપત્તિ, વાવાઝોડું, અતિવૃષ્ટિ સમયે શેડનો ઉપયોગ શેલ્ટર હોમ તરીકે પણ કરી શકાશે. આપત્તિ સમયે આ ભૌતિક માળખું ગ્રામજનો માટે સુરક્ષિત 'શેલ્ટર હોમ' તરીકે ઉપયોગમાં લઈ શકાશે. આ નવી "અટલવાડી યોજના" માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં ૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# CM AND ASTRAKHAN GOVERNOR METTING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રશિયાના અસ્ત્રાખાનના રાજ્યપાલ ઇગૌર બાબુશ્કિન સાથે ગાંધીનગરથી વર્ચ્યુઅલ બેઠક યોજીને બંને પ્રદેશો વચ્ચેની ભાગદારીને વધુ સુદ્રઢ કરવા અંગે ચર્ચા-વિમર્શ કર્યા હતા.

આ બેઠકમાં બંને પ્રદેશો વ્યાપાર, શિક્ષણ અને શિપ બિલ્ડીંગ સહિતના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ માટે સહમત થયા હતા. આ સાથે જ અસ્ટ્રાખાન પ્રદેશની યુનિવર્સિટીઓ સાથે ગુજરાતની કૃષિ યુનિવર્સિટી, એનર્જી યુનિવર્સિટી અને મેડિકલ યુનિવર્સિટી સાથે કરાર કરવા અંગેની બાબતો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં બંને પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન અંગે પણ ચર્ચા થઈ હતી અને પરસ્પર પ્રતિનિધિમંડળ મોકલવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## ONE NATION ONE ELECTION

રાજ્ય સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના વિધેયકને સમર્થન આપ્યું. એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેની સંયુક્ત સંસદીય સમિતિએ ગઇકાલે બીજા દિવસે ગાંધીનગરમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા કરી.

આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે સમિતિ સમક્ષ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના ફાયદાઓ સમજાવતું વિગતવાર પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું. આ દરમિયાન કોંગ્રસ સહિતના રાજકીય પક્ષોએ એક રાષ્ટ્ર એક ચૂંટણીના વિરોધમાં પ્રતિભાવો સમિતિ સમક્ષ રજૂ કર્યા.

## VIDHANSABHA FINANCE COMMITTEE

ગુજરાત વિધાનસભાની ચાર વિવિધ સમિતિઓની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા દ્વારા નાણાંકીય સમિતિની જાહેરાત કરવામાં આવી છે.

બિનહરિફ જાહેર થયેલી ચાર કમિટીમાં અંદાજ કમિટીના ચેરમેન તરીકે ડૉ. સી જે ચાવડા, જાહેર હિસાબ સમિતિમાં પંકજ દેસાઈ, જાહેર સાહસોની સમિતિના અધ્યક્ષ તરીકે રમણલાલ વોરા અને પંચાયતી રાજ સમિતિના ચેરમેન પદે ઉદય કાનગડની વરણી થઇ છે.

**BYTE: SHANKAR CHAUDHARY, SPEAKER, GUJARAT LEGISLATIVE ASSEMBLY**

## GUJ CANDIDTE SELECTION

રાજ્યભરમાં નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની નિયુક્તિની પ્રકિયા શરૂ છે. જે અંતર્ગત પંચમહાલની ગોધરા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષની વરણી કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહીત.

**VC- VIPUL PUROHIT**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

...................................

## VALSAD, BHAVNAGAR, KHEDA SELF-ENUMERATION

સરકાર દ્વારા 'સ્વ વસતી ગણતરી' અભિયાનનો ડિજિટલ પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્વ ગણતરીનો તબક્કો ૩૧ મે સુધી ચાલવાનો છે. જે અંતર્ગત વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને વસ્તી ગણતરી અંતર્ગત સ્વ ગણતરી પૂર્ણ કરી છે. કલેક્ટરે વલસાડ જિલ્લાના નાગરિકોને પણ રાષ્ટ્રહીતમાં સ્વ-ગણતરી પ્રક્રિયામાં જોડાવા માટે અપીલ કરી છે.

### BYTE - NITIN SANGWAN COLLECTOR

આ સાથે ભાવનગર જિલ્લા કલેક્ટર ડૉ. મનિષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને ઓનલાઇન 'સ્વ-ગણતરી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં

અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લઈ ઓનલાઈન પોર્ટલ પર પોતાના પરિવારની વિગતો સબમિટ કરીને આ અભિયાનમાં ભાગ લિધો હતો.

આ કાર્યક્રમમાં ઓનલાઇન પોર્ટલના વપરાશ અંગે કર્મચારીઓને માર્ગદર્શન અપાયુ હતુ અને તમામે મોબાઈલના માધ્યમથી લૉગ-ઇન કરી ગણતરીની પ્રક્રિયા લાઈવ પૂરી કરી હતી.

તો ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે પણ ઓનલાઇન માધ્યમથી સ્વ ગણતરીની પ્રક્રિયા પૂરી કરી કરી હતી. ખેડા જિલ્લાના તમામ નાગરિકોને સાંસદે સત્વરે સ્વ-ગણતરીની પ્રક્રિયામાં ભાગ લઈ પોતાની વિગતો ભરવા અપીલ કરી હતી.

## DIU JANGANANA 2027

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં જનગણના **2027**ના પ્રથમ તબક્કાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. પ્રશાસન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ **19** મેના રોજ સ્વ-ગણતરી અને હાઉસ લિસ્ટિંગ ઓપરેશનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

તંત્ર દ્વારા આવનારી જનગણનાની કામગીરીમાં પણ નાગરિકોને સહકાર આપવા અને સચોટ માહિતી પ્રદાન કરવા અપીલ કરી છે.

# PSI-HEAD CONSTEBLE EXAM POSTPONED

પોલીસ સબ ઇન્સ્પેક્ટર(વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર(મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક(ગ્રેડ-1)ની લેખિત પરીક્ષા 21 જૂનના રવિવારે યોજાવાની હતી પણ હવે મોકુફ રાખવામાં આવી છે.

આ નિર્ણય માટે અધિકારીઓએ જણાવ્યું કે, 21 જૂનના રોજ NEET પરીક્ષા પણ યોજાવાની હોવાથી પોલીસ વિભાગની લેખિત પરીક્ષા અન્ય તારીખે લેવામાં આવશે. પરીક્ષાની નવી તારીખ પછીથી જાહેર કરવામાં આવશે.

# APPEAL TO USE LESS PETROL

સંતરામપુરના ધારાસભ્ય અને પૂર્વ શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિડોરે બસમાં મુસાફરી કરી હતી. પેટ્રોલ ડીઝલની અછત અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલ બાદ રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રીએ બસમાં મુસાફરી કરી હતી.

સંતરામપુરથી ગાંધીનગર સુધી પહોંચવા બસ સ્ટેન્ડમાં બસ પકડી મુસાફરી હતી.

## BYTE: DR. KUBER DIDOR, FORMER EDUCATION MINISTER

# IPL CRICKET

**IPL** ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાન પર નજર રાખી રહી છે.

દરમિયાન ગઇકાલે કોલકાતા નાઈટ રાઈડર્સે મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટથી હરાવીને પ્લેઓફની આશા જીવંત રાખી હતી. પહેલા બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 147 રન બનાવ્યા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી કોર્બિન બોશે સૌથી વધુ 32 રન બનાવ્યા.

148 રનના લક્ષ્યનો પીછો કરતા, કોલકાતા નાઈટ રાઈડર્સે 19મી ઓવરમાં જીત મેળવી. કોલકાતા તરફથી મનીષ પાંડેએ સૌથી વધુ 45, જ્યારે રોવમેન પોવેલે 40 રન બનાવ્યા. મનીષ પાંડેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

# WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીમાં એકથી બે ડિગ્રી સુધીનો ઘટાડો થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં **26** મે સુધી વાતાવરણ શુષ્ક રહેશે. પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે.

**BYTE: A.K. DAS, IMD**

------------------------------------------------------